આઈસીડીએસ યોજના અંતર્ગત આંગણવાડી બાંધકામ, આંગણવાડી મકાન ભાડું, આંગણવાડી મકાન રીપેરીંગ, સેનીટેશન સુવિધા, પીવાના પાણીની સુવિધાના સહાયના ધોરણોમાં સુધારા કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0568/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર

સંદર્ભ:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા: ૨૧/૦૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૮/૮૭/બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા: ૨૧/૦૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૮/૮૬/બ

(૩) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૦૧-૦૮-૨૦૨૨ ના પત્ર ક્ર:11-04/2021-CD-I(e-95706)

(૪) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના તા: ૨૩/૦૮/૨૦૨૨ ના પત્ર ક્રમાંક :IF-1/આં.વા. બાંધકામ/૩૩૬૯૫૭/૨૦૨૨ ની દરખાસ્ત

**આમુખ:-**

૧. સંદર્ભ (૧) અને (૨)માં જણાવેલ મહિલા અને બાળ વિકાસ વિભાગના તા: ૨૧/૦૨/૨૦૧૮ના ઠરાવથી આઇ.સી.ડી.એસ. કમ્પોનન્ટ્સ માટેના અગાઉના નક્કી થયેલ નોર્મ્સ મુજબ જુદા જુદા કોમ્પોનન્ટસ માટેના સહાયના ધોરણોને મંજુરી આપવમાં આવેલ હતી.

૨. સંદર્ભ(૩) માં જણાવેલ ભારત સરકારશ્રીના તા.૦૧-૦૮-૨૦૨૨ના પત્રથી "સક્ષમ આંગણવાડી તથા પોષણ ૨.૦ ના અમલીકરણ માટે માર્ગદર્શિકા બહાર પાડેલી છે, તેમાં સમાવિષ્ટ આંગણવાડી બાંધકામ, આંગણવાડી મકાન ભાડું, આંગણવાડી મકાન જાળવણી, સેનીટેશન સુવિધા, પીવાના પાણીની સુવિધાના સહાયના ધોરણોમાં સુધારા–વધારા કરવામાં આવેલ છે. તદ્દઅન્વયે સંદર્ભ (૪) માં જણાવેલ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા. ૨૩/૦૮/૨૦૨૨ ના પત્ર થી સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આઈસીડીએસ યોજનાના સહાયના ધોરણોમાં ભારત સરકારશ્રી દ્વારા કરાયેલ આ સુધારા મુજબ રાજ્ય સરકારે કરવાના થતા સહાયના ધોરણોમાં સુધારા કરવા અંગે વહીવટી મંજુરી માટે દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

૧. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની ઉક્ત દરખાસ્તના અનુસંધાને,સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આઈસીડીએસ યોજનાના સહાયના ધોરણોમાં ભારત સરકારશ્રી દ્વારા સુધારો થતાં રાજ્ય સરકારે કરવાના થતા જુદા જુદા કમ્પોનન્ટ્સ આંગણવાડી બાંધકામ, આંગણવાડી મકાન ભાડું, આંગણવાડી મકાન જાળવણી, સેનીટેશન સુવિધા, પીવાના પાણીની સુવિધા માટેના સહાયના ધોરણમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**(૧) મનરેગા સાથે કન્વર્જન્સ હેઠળ આંગણવાડી કેન્દ્રની ઈમારતોનું બાંધકામ :**

આંગણવાડી કેન્દ્રોના નવા મકાન બાંધકામ અંગે કુલ રૂ. ૧૨ લાખ મંજુર કરવામાં આવે છે જે પૈકી મનરેગા દ્વારા આંગણવાડી કેન્દ્ર દીઠ રૂા. ૮,૦૦,૦૦૦/, ૧૫ મા નાણા પંચ હેઠળ (અન્ય કોઈ અણટાઈટ ફંડ) રૂા. ૨,૦૦,૦૦૦/-, તથા બાકીના રૂા. ૨,૦૦,૦૦૦/- પૈકી ભારત સરકારશ્રીના ૬૦% મુજબ રૂા. ૧,૨૦,૦૦૦/- તથા રાજ્ય સરકારશ્રીના ૪૦% મુજબ રૂા. ૮૦,૦૦૦/-મુજબ નિયત કરવામાં આવે છે.

**(૨) ઠંડા પ્રદેશ અને છૂટાછવાયા વસ્તી સાથે ડુંગરાળ અને મુશ્કેલ પ્રદેશમાં આંગણવાડી કેન્દ્રનું નિર્માણ:**

દુર્ગમ, ડુંગરાળ અને મુશ્કેલ ભૂપ્રદેશમાં જ્યા ઓછી વસ્તીને કારણે આંગણવાડીમાં આવનાર બાળકો ઓછા છે, ત્યા આચ્છાદિત વિસ્તાર ઘટાડવા અને ભૂકંપ પ્રતિકાર માટે પ્રિ-ફેબ્રિકેટેડ પ્રૂફ અને સ્ટીલ ફ્રેમ સ્ટ્રકચર્સ સાથે ૪૫૦ ચોરસ ફૂટનુ પ્રિ-એન્જિનિયર સ્ટ્રક્ચર બનાવવાનું રહેશે. ઠંડા વાતાવરણવાળા પહાડી વિસ્તારોમાં આવેલા આંગણવાડી કેન્દ્રોને PUF પેનલ્સથી ઈન્સ્યુલેટ કરવાના રહેશે તથા આ આંગણવાડી કેન્દ્રોમાં બાયો ડાયજેસ્ટર શૌચાલય બનાવવાના રહેશે.

**(૩) આંગણવાડી કેન્દ્રોનું મકાન ભાડું**

રાજ્યમાં ગ્રામ્ય/આદિજાતી વિસ્તારના ભાડાના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ રૂા. ૨૦૦૦/- પ્રતિ માસ , શહેરી વિસ્તારના ભાડાના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ રૂા. ૬૦૦૦/- પ્રતિ માસ તથા મહાનગરપાલિકામાં ભાડાના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી દીઠ રૂા. ૮૦૦૦/- પ્રતિ માસ નિયત કરવામાં આવે છે.

**(૪) આંગણવાડી કેન્દ્રોના મકાનની જાળવણી :**

રાજ્યના આંગણવાડી કેન્દ્રના મકાનની જાળવણી માટે રૂા. ૩૦૦૦/- પ્રતિ વર્ષ લેખે નિયત કરવામાં આવે છે (આંગણવાડીની જરૂરિયાતને આધારે વધુ ખર્ચ કરી શકાશે).

**(૫) <u>આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલય તથા પાણીની સુવિધા :</u>**

સ્વચ્છ ભારત મિશનઅને વિવિધ યોજનાઓ હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલય તથા પાણીની સુવિધાનુ નિર્માણ હાથ ધરી શકાશે.

૨. સદર સુધારેલ દર ધ્યાને લઈ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા કમ્પોનન્ટ્સ વાઇઝ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના નીતિ નિયમો મુજબ સહાયના ધોરણોમાં સુધારિત માર્ગદર્શિકા બહાર પાડવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ જે તે બજેટ સદર હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩થી કરવાનો રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૬-૦૬-૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

.

(જે.આઈ.લેઉવા)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, તમામ...........
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, તમામ.........
- જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા/મહાનગરપાલિકા તમામ.......
- સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ(વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)
- નાયબ સેક્શન અધિકારી, સીલેક્ટ ફાઈલ.
- સીલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.06.26
17:13:09 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign